# સાયન્સ સૅન્ટર ન્યુઝ લેટર

સાયન્સ સૅન્ટર

વૉલ્યુમ ૧, ઈશ્યુ ૫

સપ્ટેમ્બર ૨૦૧૫
અંક - ૫

**પ્રકાશક**
મિલિન્દ તોરવણે
આઈ.એ.એસ.
મ્યુનિસિપલ કમિશ્નર

**સંપાદક**
સી. વાય. ભટ્ટ
ડે. મ્યુનિસિપલ કમિશ્નર

**સહ સંપાદક**
ભામિની મહિડા
ચીફ કયુરેટર

દિવ્યેશ ગામેતી
કયુરેટર (સાયન્સ)

**સંયોજક**
ડૉ. પૃથુલ દેસાઈ
પ્રિન્સીપાલ
પી.ટી.સાયન્સ કૉલેજ

## વિજ્ઞાનમાં નવીન ખૌજ

### ન્યુ હોરાઈઝન' પ્લુટોને 'ગુડબાય' કહે છેઃ

**અલવિદા પ્લુટો !** આ ફોટોગ્રાફ ૧૫ જુલાઈ ૨૦૧૫ના રોજ પથ્વી થી ૧.૨૫ મિલિયન માઈલ દૂર પહોંચેલા નાસાના 'ન્યુ હોરાઈઝન' સ્પેસક્રાફટ દ્વારા ડવાર્ફ ગ્રહ પ્લુટોની પાસેથી પસાર થતી વખતે લેવામાંઆવ્યો



હતો. આ ફોટોગ્રાફમાં પાછળ ચમકતા સૂર્યના તેજમાં પ્લુટોનું વાતાવરણ દેખાય છે તથા પ્લુટોના વાતાવરણમાં રહેલા ભેજને કારણે આસપાસ સફેદ કિનારી દેખાય છે. આ કિનારીની જાડાઈ અગાઉ વૈજ્ઞાનિકો દ્વારા જેટલી અંદાજવામા આવેલી હતી તે કરતા વાસ્તવમાં કેટલાય ગણી વધુ જાડી છે તેવું 'ન્યુ હોરાઈઝન'ના ફોટોગ્રાફસ દ્વારા જાણવા મળ્યુ છે.

ખૂબ નાની તરંગલંબાઈ ધરાવતા અને લાખો માઈલ દૂરથી આવતા તરંગોથી મળતા હાલના ફોટોગ્રાફસ વિશે ખૂબ રાહ જોવાય રહી હતી. આ ખૂબ સુંદર અને રહસ્યમય બાબત છે. સૂર્યનું પ્લુટોના પાછળથી ચમકવાના ફોટોગ્રાફ દ્વારા પ્લુટોના વાતાવરણનો




અભ્યાસ કરતા વૈજ્ઞાનિકોને અગાઉની ધારણા કરતા વિપરીત પરિણામો મળ્યા છે. પ્લુટોનું વાતાવરણ અગાઉની ધારણા કરતા સપાટથી ચાર ગણી વધુ ઉંચાઈ સુધી વિસ્તરેલુ જોવા મળે છે. પ્લુટોના વાતાવરણમાં ઝાકળના બે સ્તર જોવા મળે છે. એક સપાટ

સૌજન્યઃ સી.સી.શાહ સાર્વજનીક ઈંગ્લિશ હાઈસ્કુલ

## આ માસના વૈજ્ઞાનિક

### સી. આર. રાવ

કલ્યામ્પુડી રાધાક્રિષ્ના રાવ જેમને સી.આર.રાવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમનો જન્મ તા.૧૦ સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૨૦માં થયો હતો. તેઓ જન્મે ભારતીય પરંતુ અમેરિકન પ્રકૃતિ ધરાવતા ગણિતશાસ્ત્રી અને આંકડાશાસ્ત્રી છે. તેઓ હાલમાં પેઈનસ્ટેટ યુનીવર્સિટી અમીરાતમાં પ્રોફેસર છે અને યુનીવર્સીટી ઓફ બફેલોમાં રીસર્ચ પ્રોફેસર છે. પ્રો. સી. આર. રાવ ઘણી બધી માનદ ડિગ્રથી સન્માનિત છે. તેઓને ઈ.સ.૨૦૦૨માં યુ.એસ.નેશનલ મેડલ ઓફ સાયન્સથી નવાજવામાં આવ્યા હતા. અમેરીકન સ્ટેસ્ટીકલ એસોસીએશન તેઓ વિશે આ પ્રમાણે જણાવે છે કે " તેઓ એક જીવંત મહાન વ્યકિત છે." જેમના કામથી ફકત આંકડાશાસ્ત્ર જ પ્રભાવિત થયુ નથી પરંતુ તેમનું યોગદાન ઈકોનોમીકસ ,જીનેટીકસ, નૃવંશશાસ્ત્ર, જીઓલોજી , નેશનલ પ્લાનીગ, ડેમોગ્રાફી , બાયોમેટ્રીક અને મેડીસીન જેવા ક્ષેત્રો સુધી પણ વિસ્તર્યુ છે." ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા" એ પ્રો.સી.આર.રાવની તે સમયના



ભારતના શ્રેષ્ઠ દસ ભારતીય વૈજ્ઞાનિકોમાંગણના કરી છે. પ્રો. રાવ ઈન્ડિયન હાર્ટ એસોસીએશનના સીનીયર પોલીસી અને સ્ટેટેસ્ટીકસ એડવાઈઝર છે. આ એસોસીએશનનો ઉદ્દેશ લોકોમાંદક્ષિણ એશિયાના કાર્ડિયો વસ્કયુલર રોગ વિશેની જાગૃતિ ફેલાવવાનો છે. પ્રો. રાવે ઈ.સ.૧૯૪૮માં પી.એચ.ડી.ની ડીગ્રી કિંગ્સ કોલેજ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી આર. એ. ફીશરના હાથ નીચે કામ કરી મેળવી જેમની નીચે કામ કરી તેઓએ ૧૯૬૫માં એસ. સી.ડી.ની ડિગ્રી કેમ્બ્રિજમાંથી મેળવી હતી. તે પહેલાંપ્રો. રાવ ઈન્ડિયન સ્ટેટેસ્ટીકલ ઈન્સ્ટિટયુટ અને એન્થ્રોપોલોજીકલ મ્યુઝીયમ, કેમ્બ્રિજમાંકામ કરી ચૂકયા હતા.

તેઓએ કેટલાંક ખાસ હોદાઓ સંભાળ્યા છે જેમાં ડાયરેકટર ઓફ ઈન્ડિયન સ્ટેટેસ્ટીકલ ઈન્સ્ટિટયુટ અને ઈબર્લી યુનીવર્સિટી ઓફ પીટ્સબર્ગમા પ્રોફેસરો, સેન્ટર ફોર મલ્ટીવેરીએટ એનાલીસીસ પેન્સલવેનીયા સ્ટેટ યુનિ.ના

ડાયરેકટર, ઈન્ડિયન સ્ટેટેસ્ટીકલ ઈન્સ્ટીટયુટની ટ્રેનીંગ કોલેજના હેડ અને ત્યારબાદ ૪૦ વર્ષથી વધારે સમય સુધી ડાયરેકટરનું પદ શોભાવ્યું હતું. પ્રો.રાવ ધ્વારા ઘણા બધા રીસર્ચ અને ટ્રેનીંગ પ્રોગ્રામ બનાવવામાં આવ્યા જેના ધ્વારા ગણિત વિષયના ઘણા આગેવાનો તૈયાર થયા . પ્રો.રાવના સૂચન મુજબ ધ એશીયન સ્ટેટેસ્ટીકલ ઈન્સ્ટિટયુટ જે હાલમાં "સ્ટેટેસ્ટીકલ ઈન્સ્ટિટયુટ એશિયા એન્ડ પેસેફીક" વડે ઓળખાય છે, તેની સ્થાપના ટોકિયોમાં કરવામાં આવી. સરકારી અને ઔદ્યોગિક સંસ્થાઓમાં કામ કરતાં આંકડાશાસ્ત્રીઓને તાલીમ આપવાનું કામ કરે છે. પ્રો.રાવની જાણીતી ઘણી બધી શોધોમાંથી કેટલીક શોધોમા ક્રેમર રાવ બાઉન્ડ અને રાવ બ્લેકવેલ થિયરીનો સમાવેશ થાય છે.આ બંને થીયરી ધારણા કરનારાઓની ગુણવત્તા પર આધારિત છે. અન્ય ક્ષેત્રો જેમાં તેઓએ કામ કર્યુંછે તેમાં મલ્ટીવેરાઈટ એનાલીસીસ, એસ્ટીમેશન થિયરી અને ડિફરન્શીયલ જોમેટ્રીનો સમાવેશ થાય છે. તેમના અન્ય યોગદાનોમાં ફિશર–રાવ થિયરમ, રાવ ડિસ્ટન્સ, વિગેરેનો સમાવેશ થાય છે. તેઓ ૧૪ પુસ્તકોના લેખક છે અને તેઓએ ૪૦૦થી વધુ જર્નલમાં પેપર પબ્લીશ કર્યું છે.

સૌજન્ય : સી.સી.શાહ સાર્વજનીક ઈંગ્લિશ હાઈસ્કુલ

## સાયન્સ ફેકટ સપ્ટેમ્બર - ૨૦૧૫

| | |
|---|---|
| ૫ સપ્ટેમ્બર ૧૯૬૨ | ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાક્રિશ્નનનો જન્મદિવસ("શિક્ષકદિન"). |
| ૮ સપ્ટેમ્બર | "આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિન" . |
| ૧૦ સપ્ટેમ્બર૧૮૬૯ | રેર્વડ જોન સ્કોબી દ્વારા જાપાનમાં પ્રથમ રીક્ષાની શોધ થઈ. |
| ૧૦ સપ્ટેમ્બર૧૮૯૨ | આર્થર હોલી કોમ્પ્ટનનો જન્મ. |
| ૧૨ સપ્ટેમ્બર૧૯૯૨ | પ્રથમ હબસી મહિલા "માએ જેમિસન"ની અવકાશયાત્રા શરૂ થઈ. |
| ૧૪ સપ્ટેમ્બર૧૯૫૯ | રશિયાનું પ્રથમ અવકાશયાન "લુના–૨" ચંદ્રની સપાટી પર પહોંચ્યુ. |
| ૧૫ સપ્ટેમ્બર૧૮૩૦ | વિશ્વની પ્રથમ આંતર શહેર યાત્રી રેલ લિવરપુલથી માંચેસ્ટર વચ્ચે શરૂ થઈ. |
| ૧૫ સપ્ટેમ્બર૧૯૧૬ | બ્રિટીશ આર્મી દ્વારા "સોમે" યુધ્ધ દરમ્યાન ટેન્કનો પ્રથમ ઉપયોગ કરવામાં આવ્યો. |
| ૧૬ સપ્ટેમ્બર | "આંતરરાષ્ટ્રી ઓઝન સ્તર સંરક્ષણ દિન". |
| ૨૧સપ્ટેમ્બર | "આંતરરાષ્ટ્રીય શાંતિ દિન". |
| ૨૨ સપ્ટેમ્બર ૧૭૯૧ | માઈકલ ફેરાડે (વીજચુંબકીય પ્રેરણના શોધક) નો જન્મ. |
| ૨૩ સપ્ટેમ્બર | શરદ સંપાતઃ પૃથ્વી પર રાત દિવસ સરખા થાય. |
| ૨૩ સપ્ટેમ્બર ૧૯૦૧ | એનરીકો આલ્બર્ટો ફર્મીનો જન્મ. |
| ૨૭ સપ્ટેમ્બર | "વિશ્વ હૃદય દિન". |
| ૨૮ સપ્ટેમ્બર | "વિશ્વ હડકવા દિન". |

સાયન્સ ક્વિઝ જવાબ : (૧) અ (૨) બ (૩) ક (૪) અ (૫) ક (૬) અ


SCIENCE CENTRE SCS SURAT

**સમય**

મંગળવાર થી શુક્રવાર
સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦

શનિવાર, રવિવાર
તથા
જાહેર રજાના દિવસે
સવારે ૯.૩૦ થી સાંજે ૬.૩૦

**સરનામું**

સાયન્સ સેન્ટર સુરત
સિટીલાઇટ રોડ,
સુરત - ૩૯૫ ૦૦૭

**ફોન નં.**

૦૨૬૧ - ૨૨૫૫૯૪૭
+૯૧ ૯૭૨૭૭ ૪૦૮૦૭

**ફેક્ષ નં.**

૯૧-૨૬૧-૨૨૫૫૯૪૬

**ઈ–મેઈલ**

sciencecentre@suratmunicipal.org

**વેબ સાઈટ**

www.suratmunicipal.gov.in


सूरत महानगर पालिका
बहुजनहिताय बहुजनसुखाय

## ફન સાયન્સ ગેલેરી એકઝીબીટને ઓળખો

### હવાનુંગતિવિજ્ઞાનઃ– ઉચકવું( Lift )

Aerofoil વિમાનનો એ ભાગ છે કે જે વિમાનને હવામાંઉચકવામાં મદદરૂપ થાય છે. વિમાનની પાંખ, પૂંછડીની સપાટી તથા આધુનિક વિમાનના બળતણ વિભાગની સપાટીનો આકાર પણ એ રીતે બનાવવામાંઆવતો હોય છે કે જેથી તે પણ Aerofoil તરીકે કામ કરે.






આ વિમાનની પાંખનો આડો છેદ છે. પરંતુંતે પૂંછડીનો કે પ્રોપેલરનો ભાગ પણ હોઈ શકે છે. હવે સ્વીચ દબાવો હવા Aerofoil તરફ ફુંકાય છે. તમે જુઓ છો કેAerofoil તેના આકારને લીધે હવામાંઘણી ઉપર સુધી ઉચે ઉઠી શકે છે. આમ તો કોઈ પણ સપાટી પર હવાની દિશાની લંબ દિશામાંLift બળ લાગે છે, પરંતુ Aerofoil પર તે મહત્તમ હોય છે.




## વૈજ્ઞાનિક પ્રશ્ન

**" કાટ લાગવો " શુંછે ?**

કાટ લાગવો / કટાઈ જવું એ એવી પ્રક્રિયા છે જેનાથી ધાતુ તેને બનાવવામાં આવેલી અવસ્થામાંથી તેની પ્રાકૃતિક ઓકિસડેશન અવસ્થામાં પરિવર્તિત થાય છે. આ પ્રક્રિયા રીડકશન – ઓકસીડેશન પ્રક્રિયા છે, જેમાં ધાતુ તેની આસપાસના વાતાવરણમાંથી મોટે ભાગે હવાઓના ઓકિસજનથી ઓકિસડાઈઝ થાય છે. આ પ્રક્રિયા સ્વયંભૂ અને ઈલેકટ્રીકલી ઈચ્છિત પ્રક્રિયા છે. કાટ લાગવાની પ્રક્રિયા મુખ્યત્વે વોલ્ટાક કે ગેલ્વેનીક કોશના નિર્માણની પ્રક્રિયા છે જેમાં ધાતુ એનોડ તરીકે કામ કરે છે કે જે સામાન્ય રીતે ધીમે ધીમે ઘસાઈ જતું જોવા મળે છે.

**કાટ કેવી રીતે લાગે છે?**

કાટ મુખ્યત્વે બે રીતે લાગે છે ધાતુની સંપૂર્ણ સપાટી પર (સામાન્ય કાટ) અથવા કેટલીક ચોકકસ જગ્યા પર (સ્થાનીક કાટ)




**(૧) સામાન્ય કાટ (General Corrosion)**

અમ્લીય સ્થિતિ સિવાય સામાન્ય રીતે આ પ્રકારનો કાટ લાગતો નથી એક સરખા પ્રમાણમાંસંપૂર્ણ સપાટી પર કાટ લાગવાની સ્થિતિ જવલ્લે જ જોવા મળે છે. જે ધાતુને પાતળી કરે છે. અને બહારની તણાવની સ્થિતિ પર તેની કુલ અસર ખૂબ ઓછી હોય છે.

**(૨) સ્થાનિક કાટ (Localized Corrosion)**

સૌથી સામાન્ય અને સૌથી વધુ નુકશાનકારક સ્થાનિક કાટ પીટીંગ (ખાડાના સ્વરૂપનો કાટ) છે. આ પ્રકારના કાટ લાગવાની પ્રક્રિયામાંધાતુની સપાટીની કોઈ એક જગ્યાએ ખાડો બને છે. આ પ્રકારનો કાટ રોકવો અત્યંત મુશ્કેલ છે. ઈજનેરોને પણ આ કાટને કારણે તડ પડવાથી ધાતુમાં માળખાકીય ખામી આવશે કે નહી તે નકકી કરવામાં મુશ્કેલી આવે છે.




**કાટ લાગતો અટકાવવો :–**

રંગકામ, સેક્રીફીશીયલ એનોડ, ઈલેકટ્રોકો પ્લેટીંગ અને કાટ લાગેલ વસ્તુઓનો ઉપયોગ જેવી ઘણી વસ્તુઓ અને તકનીકના ઉપયોગથી કાટ લાગતો અટકાવી શકાય છે. (૧) રંગકામ : ધાતુઓ અને વાતાવરણમાં ભેજ વચ્ચે રંગ એક અવરોધનું કામ કરે છે. (૨) સેક્રીફીશીયલ એનોડઃ મુખ્ય ધાતુ ઉપર અન્ય હલકી ધાતુનુ આવરણ ચઢાવવામાંઆવે છે. જેથી મુખ્ય ધાતુ કરતા તેના પર પહેલા કાટ લાગે છે જેને પાછળથી બદલી શકાય છે. (૩) પેસીવેશન : કેટલીક કાટ લાગવાની પ્રક્રીયામાં ઘન ધાતુના મિશ્રણ બનતા હોય છે. જે મુખ્ય સપાટી પર આવરણ બનાવે છે. જેનાથી વધુ કાટે લાગવાની પ્રક્રિયા તે જગ્યાએ થતી નથી.

સૌજન્ય : સી.સી.શાહ સાર્વજનીક ઈંગ્લિશ હાઈસ્કુલ

## વિજ્ઞાન ક્વિઝ

૧. મચ્છર મનુષ્યો તરફ કઈ રીતે આકર્ષાય છે?
(અ) ફકત લોહીની ગંધ દ્વારા (બ) ફકત ઉચ્છવાસ દ્વારા નીકળતા કાર્બન ડાયોકસાઈડ દ્વારા (ક) ફકત શરીરના ભાગોના હલનચલન દ્વારા

૨. બેન્જામીન ફ્રેન્કલીનને 'ઈલેકટ્રીસીટી'નો વિચાર નીચેનામાંથી શું કરતી વખતે આવ્યો?
(અ) નદી પાસેથી પસાર થતી વખતે (બ) વરસાદને જોઈ (ક) પતંગ ઉડાડવાથી

૩.અત્યાર સુધી માનવ કેટલા બર્ફ યુગ (Ice Age)માંથી પસાર થયા છે?
(અ) ૩ (બ) ૪ (ક) ૫

૪. મનુષ્યની ચામડીના રંગ માટે કયો ઉત્સેચક જવાબદાર છે?
(અ) મેલેનીન (બ) પેપ્ટીડેઝ (ક) ડાઈકલ ગ્લીસરોલ

૫. જો એન્ડ્રોમેડા ગેલેક્ષી જોઈ શકાય તેવી હોત તો....
(અ) તે આકાશમાં ચંદ્ર કરતાં છ ગણી મોટી દેખાય (બ) સૂર્ય જેટલી મોટી દેખાય (ક) ટાઈટન (ગુરુના ચંદ્ર) કરતાં મોટી

(૬) મનુષ્યનું મગજ (જાગૃત અવસ્થામાં) એટલી વીજળી પેદા કરે છે જેથી તેના ધ્વારા ..........વોટના બલ્બને ચોવીસ કલાક ચલાવી શકાય.
(અ) ૩૫ (બ) ૪૦ (ક) ૪૨

સૌજન્ય : સી.સી.શાહ સાર્વજનીક ઈંગ્લિશ હાઈસ્કુલ

## સાયન્સ સૅન્ટર સુરત ખાતેની પ્રવૃત્તિઓ :

### સાયન્સ સેન્ટર સુરત ખાતે યોજાયેલ પ્રદર્શન અને કોન્ફરન્સ



**ધ્વજ પ્રદર્શનઃ** સાયન્સ સેન્ટર સુરત દ્વારા કિડસ સ્પેશમાં ધ્વજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ભારતના રાષ્ટ્રધ્વજનો ઈતિહાસ તેમજ તે સમયના વિવિધ પ્રકારના ધ્વજ પ્રદર્શિત કરવામાં આવેલ હતા. આ પ્રદર્શનમાં ૨૦૦થી વધુ દેશોના ધ્વજ તથા તે દેશની માહિતી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ પ્રદર્શન કિડસ સ્પેશ, સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૧૧ ઓગષ્ટ, ૨૦૧૫ થી તા. ૨૩ ઓગષ્ટ, ૨૦૧૫ સુધી જાહેર જનતા માટે ખુલ્લુ મૂકવામાં આવ્યુ હતું.



**ફુલ ડોમ પ્લેનેટેરીયમ ફિલ્મ ફેસ્ટીવલ અને કોન્ફરન્સઃ** સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત અને ઈન્ફોવિઝન ઈન્ડિયા, ઈવાન્સ એન્ડ સધરલેન્ડ યુ.એસ.એ. અને એસ્ટ્રાલ ઈન્ક. યુ.એસ.એ. ના સંયુકત ઉપક્રમે પ્લેનેટેરીયમ ડાયરેકટર, એજયુકેટરો અને ઈજનેરો માટે " Full Dome Planetarium Film Festival & conference "નું આયોજન તારીખ ૩ અને ૪ ઓગષ્ટ, ૨૦૧૫ ના રોજ સાયન્સ સેન્ટર સુરત ખાતે કરવામાં આવ્યુ હતું. આ કોન્ફરન્સનું ઉદઘાટન મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના વરદ હસ્તે તા. ૩/૦૮/૨૦૧૫ રોજ કરવામાં આવ્યું હતું. આ બે દિવસની કોન્ફરન્સના પ્રથમ દિવસે વિદેશના અને ભારતીય ફુલ ડોમ પ્લેનેટેરીયમ શો પ્રોડયુસર્સ દ્વારા બનાવેલ ફુલ ડોમ પ્લેનેટેરીયમ શો નું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું તથા બીજા દિવસે દેશના વિવિધ ભાગોમા આવેલ પ્લેનેટેરીયમ અને સાયન્સ સેન્ટરના ડાયરેકટરર્સ દ્વારા પ્રેઝન્ટેશન અને તે વિષય અંતર્ગત ચર્ચા રાખવામા આવી હતી. ઉપરાંત મૂક બધિર બાળકો માટે ઈવાન્સ એન્ડ સધરલેન્ડ નહેરુ પ્લેનેટેરીયમ અને ઈન્ફોવિઝન ઈન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલ ખાસ પ્લેનેટેરીયમ શો નું સ્ક્રીનીંગ પણ કરવામાં આવ્યું હતું.

## સાયન્સ સૅન્ટર

| ૩ડી શો | મંગળવાર થી શુક્રવાર નો સમય | શનિવાર, રવિવાર અને જાહેર રજાનાં દિવસો |
|---|---|---|
| અંગ્રેજી શો | ૦૯:૧૫, ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ | ૦૯:૧૫, ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ |
| હિન્દી શો | ૧૦:૦૦, ૧૦:૪૦, ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦ | ૧૦:૦૦, ૧૦:૪૦, ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦, ૦૪:૪૦, ૦૫:૨૦, ૦૬:૦૦ |

| | |
|---|---|
| **સાયન્સ સેન્ટર + પ્લેનેટેરીયમ + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૦૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૬૫ |
| **સાયન્સ સેન્ટર + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **સાયન્સ સેન્ટર +પ્લેનેટેરીયમ +મુઝિયમ +ડાયમંડ ગેલેરી +૩ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૨૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૮૦ |
| **પ્લેનેટેરીયમ** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૫૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **૩ ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |

| પ્લેનેટેરીયમ | | | |
|---|---|---|---|
| મંગળવાર થી શુક્રવાર | | શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો | |
| ૦૯:૩૦ થી ૧૦:૨૦ | અંગ્રેજી | ૦૯:૩૦ થી ૧૦:૨૦ | અંગ્રેજી |
| ૧૦:૩૦ થી ૧૧:૨૦ | ગુજરાતી | ૧૦:૩૦ થી ૧૧:૨૦ | ગુજરાતી |
| ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી | ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી |
| ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી | ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી |
| ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી | ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી |
| ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી | ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી |
| ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી | ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી |
| | | ૦૪:૩૦ થી ૦૫:૨૦ | અંગ્રેજી |
| | | ૦૫:૩૦ થી ૦૬:૨૦ | ગુજરાતી |